| PUBLICATION NAME : | Gujarat Karobar |
|---|---|
| EDITION : | Ahmedabad |
| DATE : | 29/06/24 |
| PAGE : | 2 |

# આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઈન્ડિયા (EDII) દ્વારાઆંતરરાષ્ટ્રીય એમએસએમઈ દિવસના સેલિબ્રેશનમાં ડિજિટલ ટ્રાન્સફોર્મેશન અને ઈનોવેશન પર પેનલ ડિસ્કશનનું આયોજન કર્યું

આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઈન્ડિયા **(EDII)** અમદાવાદ દ્વારા ઈન્ટરનેશનલ માઈક્રો, સ્મોલ અને મિડિયમ એન્ટરપ્રાઈઝિસ **(MSME)** દિવસની ઉજવણીના ભાગરૂપે 'ડિજિટલ ટ્રાન્સફોર્મેશન એન્ડ ઈનોવેશન' પર પેનલ ડિસ્કશનનું આયોજન કરવામાં આવ્યુ હતું. આ કાર્યક્રમ ૨૭જૂન, ૨૦૨૪ના રોજ અમદાવાદના **EDII** કેમ્પસમાં યોજાયો હતો. જેમાં એમએસએમઈ, સ્ટાર્ટઅપ્સ, ઉદ્યોગસાહસિકો અને સહભાગીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત ઓનલાઈન મોડ દ્વારા કેમ્પસમાં અને સમગ્ર દેશમાં કાર્યક્રમ યોજાયો હતો.

આ કાર્યક્રમમાં ન્યુ દિલ્હી એસએમઈ બોર્ડના સલાહકાર તેમજ પેનલિસ્ટ શ્રી શૈલેષ પટવારી, શ્રી પ્રદીપ ઓઝા,સંયુક્ત નિયામક, **MSME** ડેવલોપમેન્ટ ફેશન ઓફિસ વિકાસ સુવિધા કાર્યાલય **(DFO),** વાસા ફાર્માકેમ પ્રાઈવેટલિમિટેડના ચેરમેન અને એમડી અને ગુજરાત કેમિકલ એસોસિએશન અને ગુજરાત ફાર્માસ્યુટિકલ એસોસિએશનના પ્રેસિડેન્ટ ડૉ. જૈમિન વસા, શ્રી યમન સલુજા, સહ-સ્થાપક, નાપબુક લિમિટેડ, જાણીતા ઈ-કોમર્સ પોર્ટલના પ્રતિનિધિ અને ડૉ. સુનિલ શુક્લા - ડાયરેક્ટરજનરલ, **EDII** ઉપસ્થિત રહ્યાં હતાં.